Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-4, March-2020
www.researchguru.net

# સ્વચ્છતાના સુકાની ગાંધી અને વર્તમાન ભારત

## Gandhiji a leader of cleanliness movement and Contemporary India

**ડૉ.હસમુખ પંચાલ**

**મ.પ્રાધ્યાપક, સમાજશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા. 9429732401, hasmukhp13@gmail.com**

***ટૂંકસાર -***

*ગાંધીજીનું સ્થાન જગતના રાજકીય ઇતિહાસમાં અનોખુ છે. ગાંધીજીને " **સ્વચ્છતા ત્યાં પ્રભુતા** " મંત્રમાં શ્રદ્ધા છે. સફાઇ કાર્ય એક યજ્ઞકાર્ય છે. આપણે કોઇ એવા સમયની કલ્પના નથી કરી શકતા કે માનવ સફાઇયજ્ઞ બંધ કરી દેશે. અલબત્ત વિજ્ઞાનની પ્રગતી થતી જશે તેમ તેમ આ સફાઇયજ્ઞનું રૂપ બદલાતું રહે તે સંભવ છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે 1904 માં જ્હોનિસબર્ગમાં મરકીનો ઉપદ્રવ થયેલો. ગાંધીજીને ખબર મળતાં સાઇકલ પર ત્યાં દોડી ગયેલા અને મરકીના દર્દીઓને અલગ કરી તેમની સેવાચાકરી શરૂ કરેલી.વકીલાતકાળ દરમ્યાન જ ધોબીની ગુલામીમાંથી છુટવા કપડાં હાથે ધોવાનું, તેને આર કરવાનું, ઈસ્ત્રી કરવાનું વગેરે કામો જાતે કરી સ્વાવલંબન તરફ ગાંધીજી વળેલા. એક વખત એક ગોરા હજામે વાળ કાપવાની ના પાડી એટલે હજામની ગુલામી માંથી મુક્તિ મેળવવા હજામત જાતે શરૂ કરેલી. ઘરમાં પણ દળવું, જાજરૂસફાઈ અને અન્ય સફાઈ કાર્યો જાતે કરવા લાગ્યા. આ બધા કાર્યક્રમોમાં સ્વચ્છતાનો અભિગમ પ્રગટ થાય છે. ગાંધીજી કહે છે કે ભારતમાં ગામડાં શોભીતાં અને રળીયામણાં છે. પણ ઉકરડાં જોવા મળે છે. અસ્વચ્છતા એ ભારતનો મોટામાં મોટો રોગ છે અને તેનું ભાન સુદ્ધાં આપણને નથી કે આપણે કેટલા ગંદા છીએ. તેનું મુખ્ય કારણ ભારતની ગરીબી છે. અતિ ધનવાન થવું તે પાપ છે, તેમ અતિ ગરીબ રહેવું તે પણ પાપ છે. આ પાપ ભારત માંથી હટાવવું જોઈએ. સ્વચ્છ ભારતની સિદ્ધિ માટે જનતાને સર્વ રીતે શિક્ષિત કરવી પડશે. સદીઓ પુરાણી લોકોની ગંદી ટેવો છોડાવવી પડશે. આમ સ્વચ્છતાના સુકાની તરીકે ગાંધીજીએ કામ કરેલ અને સંદેશ પાઠવેલ તે, વર્તમાનમાં પણ તેમના વિચાર દીવાદાંડી રૂપ થઇ રહેશે તેની ચર્ચા પ્રસ્તુત અભ્યાસમાં કરેલ છે.*

***કી વર્ડ** : ગાંધીજી, સ્વચ્છતા, સ્વચ્છતાના સુકાની, વર્તમાન ભારત, શૌચાલય.*

### 1. પ્રસ્તાવના –

ગાંધીજીને " **સ્વચ્છતા ત્યાં પ્રભુતા** " મંત્રમાં શ્રદ્ધા છે. સ્વચ્છતા અને સમાજ એકબીજાના પુરક છે. સફાઇ કાર્ય એક યજ્ઞકાર્ય છે. આપણે કોઇ એવા સમયની કલ્પના નથી કરી શકતા કે માનવ સફાઇયજ્ઞ બંધ કરી દેશે. અલબત્ત વિજ્ઞાનની પ્રગતી થતી જશે તેમ તેમ આ સફાઇયજ્ઞનું રૂપ બદલાતું રહે તે સંભવ છે. પહેલાના સમયમાં સફાઇ કામ આપણે કરતાં, તેનાથી ઓછા સમયમાં તેનાથી વધુ સારી સફાઇ આપણે આજે કરી શકીએ છીએ. સફાઇની પદ્ધતિમાં ફરક પડશે, પણ સફાઇયજ્ઞ બંધ નહીં થાય. તે નિત્ય યજ્ઞ છે. જેમ ખાવાનું જીવન સાથે જોડાયેલું છે તેમ સફાઇયજ્ઞ એ જીવન સાથે જોડાયેલો છે. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે 1904 માં જ્હોનિસબર્ગમાં મરકીનો ઉપદ્રવ થયેલો. ગાંધીજીને ખબર મળતાં સાઇકલ પર ત્યાં દોડી ગયેલા અને મરકીના દર્દીઓને અલગ કરી તેમની સેવાચાકરી શરૂ કરેલી. આફ્રિકામાં ગાંધીજીની સેવાપ્રવૃત્તિ જેમ જેમ વિકસતી ગઇ તેમ તેમ સાદાઇ અને બ્રહ્મચર્યના આદર્શો પણ જીવનમાં સહજ રીતે

ઉતરવા માંડ્યા. વકીલાતકાળ દરમ્યાન જ ધોબીની ગુલામીમાંથી છુટવા કપડાં હાથે ધોવાનું, તેને આર કરવાનું, ઈસ્ત્રી કરવાનું વગેરે કામો જાતે કરી સ્વાવલંબન તરફ ગાંધીજી વળેલા. એક વખત એક ગોરા હજામે વાળ કાપવાની ના પાડી એટલે હજામની ગુલામી માંથી મુક્તિ મેળવવા હજામત જાતે શરૂ કરેલી. ઘરમાં પણ દળવું, જાજરૂસફાઈ અને અન્ય સફાઈ કાર્યો જાતે કરવા લાગ્યા. આ બધા કાર્યક્રમોમાં સ્વચ્છતાનો અભિગમ પ્રગટ થાય છે. ગાંધીજી કહે છે કે ભારતમાં ગામડાં શોભીતાં અને રળીયામણાં છે. પણ ઉકરડાં જોવા મળે છે. ભાગોળની આજુબાજુ જ એવી ગંદકી હોય છે ને તેમાંથી એવો બદબો ઊઠે છે કે ઘણીવાર ગામમાં પેસનારને આંખ મીંચી જવી પડે છે ને નાક દબાવવું પડે છે. અસ્વચ્છતા એ ભારતનો મોટામાં મોટો રોગ છે અને તેનું ભાન સુદ્ધાં આપણને નથી કે આપણે કેટલા ગંદા છીએ. તેનું મુખ્ય કારણ ભારતની ગરીબી છે. અતિ ધનવાન થવું તે પાપ છે, તેમ અતિ ગરીબ રહેવું તે પણ પાપ છે. આ પાપ ભારત માંથી હટાવવું જોઈએ. આમ, સ્વચ્છતાના સુકાની તરીકે ગાંધીજીએ જે કામ કરેલ તે વર્તમાન ભારત માં પણ તેમના વિચારો દીવાદાંડી રૂપ થઇ રહેશે. આ અંગે ચર્ચા કરવા પ્રસ્તુત શોધ કાર્ય કર્યુ છે.

**હેતુ** - 1. સ્વચ્છતા અંગે ગાંધીજીના વિચારો જાણવા.

2 વર્તમાન ભારતમાં સ્વચ્છતાના સુકાની તરીકે ગાંધી ને જાણવા.

**સાહિત્ય સમીક્ષા-**

ગાંધીજીએ સત્યના પ્રયોગોમાં જાજરૂથી માંડીને જીવન- આત્મા સુધીની સ્વચ્છતા ની સમજ આપી છે. મહાત્મા ગાંધી રચીત પુસ્તકો, મારા સ્વપ્નનું ભારત, ગ્રામ સ્વરાજ, વગેરેમાં સ્વચ્છતાની સ્પષ્ટતા કરેલ છે. ગુણવંત શાહે ,ગાંધીના ચશ્માં પુસ્તકમાં ઝાડુ અને સ્વચ્છતાની વાતો કરી છે. પટેલ મગનભાઇ એ ગાંધીજીનું ધર્મદર્શન પુસ્તકમાં સ્વચ્છતા અંગે ગાંધીજીના વિચારો દર્શાવેલ છે. નારાયણ દેસાઈએ મારાં ગાંધી પુસ્તકમાં સ્વચ્છતા અને તે એક રચનાત્મક કાર્યક્રમ તરીકેની વિશિષ્ટતા દર્શાવી છે. દશરથલાલ શાહનું પુસ્તક રચનાત્મક કાર્યક્રમ-આજના સંદર્ભમાં, જેમાં સ્વચ્છતાની રચનાત્મક કાર્યક્રમ તરીકેની મહત્તા દર્શાવી છે. ગાંધીજીએ આપેલ રચનાત્મક કાર્યક્રમોમાં એક મહત્વના કાર્યક્રમ તરીકે છે. આ બાબતો માંથી પ્રસ્તુત અભ્યાસમાં વર્તમાન ભારતમાં સ્વચ્છતાના સુકાની તરીકે ગાંધી ને જાણવાનો પ્રયાસ છે.

2. **સંશોધન પદ્ધતી** -

ઐતિહાસીક પદ્ધતી દ્વારા શોધ કાર્ય કર્યુ છે. દ્વિતિયક માહિતીનો ઉપયોગ શોધ કાર્યમાં કર્યો છે. અભ્યાસના પ્રથમ ભાગમાં વિષયવસ્તુ, બીજા ભાગમાં સંશોધન પદ્ધતી, ત્રીજા ભાગમાં વિશ્લેષણ અને ચોથા ભાગમાં સારાંશ દર્શાવેલ છે

**3.1 સ્વચ્છતા અંગે ગાંધીજીના વિચારો –**

**ગાંધીવિચાર** જીવનના બધાં પાસાંઓને આવરી લેતો વિચાર છે, એ ખંડ વિચારસરણી નથી પણ અખંડ જીવનને સ્પર્શતી, તેને સુધારવા કે બદલવા મથતી એક ક્રિયાત્મક વિચારણા છે. એનું આ પાયાનું તત્ત્વ સમજાય તે ખૂબ મહત્વની બાબત છે.

ગાંધીજીનું સ્થાન જગતના રાજકીય ઇતિહાસમાં અનોખુ છે. પીડિત પ્રજાની સ્વાતંત્રની લડતને માટે તેમણે સાવ નવી ને મનુષ્યને છાજે તેવી રીત શોધી કાઢી છે અને

ભારેમાં ભારે સ્ફૂર્તિ તથા એકનિષ્ઠાપૂર્વક તેને અમલમાં પણ ઉતારી છે. તેમણે સુધરેલી દુનિયાના વિચારશીલ લોકો પર જે નૈતિક અસર પાડી છે તે આપણા, પશુબળના પ્રાબલ્યવાળા યુગમાં સંભવિત દેખાય એના કરતાં વધારે લાંબો કાળ ટકી રહેશે. કેમ કે રાજકાજમાં પડેલા મુત્સદ્દીઓ જેટલે અંશે પોતાના અંગત ઉદાહરણથી અને લોકો પર પ્રભાવ પાડીને પોતાની પ્રજાના નીતિબળને જાગૃત અને સંગઠિત કરે તેટલે અંશે જ એ મુત્સદ્દીઓનું કાર્ય ચિરસ્થાયી રહી શકે. આવા તેજસ્વી ભવિષ્યની પેઢીઓને દીવાદાંડી રૂપ થઇ પડે એવા પુરૂષ, વિધાતાએ આપણા જમાનાને આપ્યા છે એ આપણું સદ્દભાગ્ય છે અને તેને માટે આપણે કૃતજ્ઞ રહેવું ઘટે છે.- આમ **આલ્બર્ટ આઈનસ્ટાઈન** નોંધે છે. ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હતા. શારીરિક સ્વચ્છતાના પાયામાં સમતોલ આહાર, સ્વચ્છતા, શરીરશ્રમ તંદુરસ્તીને પોષક એવી વ્યસનમુક્ત જીવનશૈલી રહેલાં છે તેમ તેઓ કહેતા. ગાંધીજીએ સ્વચ્છતાના મેરુદંડ સમા ઝાડુને અને સફાઈકામને પ્રતિષ્ઠા અપાવી. ગાંધીજીના **રચનાત્મક કાર્યક્રમોમાં સ્વચ્છતાને** અપાયેલ મહત્વ એ સમગ્ર માનવસમાજ અને તેની આંતરક્રિયાઓ સાથે જોડાયેલ છે. સ્વચ્છતા એક એવો વિશાળ ખ્યાલ છે કે જેમાં અનેક બાબતો સમાવી શકાય. ખરી વાત તો એ છે કે રચનાત્મક કાર્યક્રમનો ઉદ્દેશ વ્યપકમાં વ્યાપક અર્થમાં સામાજિક જીવનની બધા જ ક્ષત્રોમાં રાષ્ટ્રની દ્રષ્ટિએ ક્રાંતિ લાવવાનો હતો. ગાંધીજીએ આપણા જીવનની જાજરૂથી માંડીને આત્મા સુધી સર્વત્ર સફાઈ કરવાનો પ્રયત્ન કર્યો હતો.એમની ક્રાંતિ આપણાં મૂળભૂત મૂલ્યોની પુનર્વિચારણા ઉપર આધારિત હતી. એટલે વ્યાપક ક્રાંતિ હતી. ગાંધીજી રાષ્ટ્રને કેળવવા અને શિસ્તબદ્ધ કરવા ઈચ્છતા હતા. તેથી જ વર્તમાન ભારતમાં સ્વચ્છતાના સુકાની તરીકે ગાંધીને આવકારીએ એ ખૂબ જ જરૂરી છે.

**3.2 વર્તમાન ભારતમાં સ્વચ્છતાના સુકાની તરીકે ગાંધીજી –**

મહાત્મા ગાંધીજી દ્વારા " સ્વચછ ભારત " નું સ્વપ્ન જોવામાં આવ્યું હતું. જેના સંદર્ભમાં ગાંધીજીએ કહ્યું કે " સ્વચ્છતા સ્વતંત્રતાથી વધુ જરૂરી છે." ગાંધી તેમના સમયમાં ગરીબી અને ગંદકીથી સારી રીતે પરિચીત હતા. તેથી તેમણે સ્વચ્છ ભારતનું સ્વપ્ન જોયું અને કહ્યું કે નિર્મળતા અને સ્વચ્છતા બંને સ્વસ્થ અને શાતિપૂર્ણ જીવનનો અનિવાર્ય ભાગ છે. પરંતુ દુર્ભાગ્યથી ભારત આઝાદીના 69 વર્ષ પછી પણ આ બંને લક્ષ્યથી ઘણું પાછળ છે. જો તેને આંકડામાં જોઈએ તો છેલ્લા દશ વર્ષમાં ગ્રામીણ વિસ્તારમાં 2001 થી 2011 સુધીમાં ટોઈલેટ ફેસિલીટી વૃદ્ધિદર એક પ્રતિશત પ્રતિવર્ષ છે. જો આ વૃદ્ધિદર મુજબ ભારત વૃદ્ધિ કરે તો યુનિવર્સલ સેનિટેશન પ્રાપ્તિ 2081 ના વર્ષે થઈ શકે. 2011 સેન્સસ મુજબ શહેરી વિસ્તારોમાં એક પંચમાઉસ શહેરી હાઉસહોલ્ડ કોઈ ટોયલેટ ફેસિલીટી ધરાવતા નથી. શહેરી વિસ્તારમાં 60 મિલિયન જનસંખ્યા સેનિટેશન વ્યવસ્થાના અભાવનો સામનો કરે છે. પરિણામે ભારત સરકાર પૂરી ગંભીરતાથી મહાત્મા ગાંધીના વિચારને હકીકતમાં બદલાવ માટે દેશના બધા નાગરિકોને સ્વચ્છ ભારત અભિયાન સાથે જોડાવવાનો પ્રયાસ કરી રહી છે. જેનાથી વિશ્વભરમાં તે સફળ થઈ શકે.

સુકાન કે નેતૃત્વ એ નોંધપાત્ર સંખ્યાના લોકો ઉપર અસર કરતી પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં લોકોનાં લક્ષણ અને મૂલ્યો નેતા દ્વારા

અસર પામે છે અને તેમાં પરિવર્તન આવે છે. નેતા જૂથનો એવો સભ્ય છે જે જૂથના સભ્યોની પ્રવૃત્તિઓ ઉપર અસર ઉપજાવે છે, તેમજ જૂથના ધ્યેયો, વિચારસરણી, જૂથની રચના તથા પ્રવૃત્તિઓ ઘડવામાં તે કેન્દ્રિય ભૂમિકા ભજવે છે. ગાંધીજીની એક નેતા તરીકેની છબી બિલકૂલ આવી જ હતી. ગાંધીજી જ્યારે બ્રિટિશ સરકાર અને તે જેનું પ્રતિનિધિત્વ કરી રહી હતી તે સભ્યતા સામે લડત આપી રહ્યા હતા, ત્યારે ગાંધી પાસે પોતાનું **સ્વપ્નાનું ભારત** કેવું હશે તેનું દર્શન હતું. જેના વિશે વાતો કરતાં ગાંધી થાકતા નહોતા તેવા રચનાત્મક કાર્યક્રમો તેમના એ સ્વપ્નનો આછો ખ્યાલ આપતા હતા. આશ્રમના અધ્યાત્મપરાયણ, વ્રતનિષ્ઠા અને પરિશ્રમી સામુદાયિક જીવન દ્વારા ગાંધીજીએ અનેક રચનાત્મક કાર્યક્રમો પેદા કરેલા. દેશભરમાંથી અનેક સેવાપરાયણ લોકો આશ્રમમાં આવ્યા હતા અને ત્યાં તાલીમ લઈને પોતપોતાના ક્ષેત્રમાં રચનાત્મક કામો શરૂ કરેલાં. જેમાં સ્વચ્છતાના કાર્યક્રમો સૌથી અગ્રતાક્રમે રહેલાં. તેથી જ તો **વર્તમાન ભારતમાં સ્વચ્છતાના સુકાની તરીકે ગાંધીજી** ને આવકારવા રહ્યાં એ સ્પષ્ટ જ છે. આ અંગે કેટલીક મહત્વપૂર્ણ બાબતો નીચે મુજબ દર્શાવી શકાય.

**1. ઝાડુની વૈજ્ઞાનિક ડિઝાઈન માટે મહાત્માની મથામણ –**

1966 માં રાષ્ટ્રીય શિક્ષણ પંચ તરફથી શિક્ષણનો જે ઐતિહાસિક અહેવાલ સરકારે પ્રગટ કર્યો તે પંચના અધ્યક્ષ **ડૉ.કોઠારી** પણ વિજ્ઞાની હતા અને યુનિવર્સિટિ ગ્રાંટ્સ કમિશનના અધ્યક્ષ હતા. એ પંચ કોઠારી તરીકે ઓળખાયું. 1977-78 ની સાલમાં ગૂજરાત વિદ્યાપીઠનાં તે સમયના **વડાપ્રધાન મોરારજી દેસાઈ**ની નિશ્રામાં દેશના શિક્ષણકારોનો એક સેમિનાર થયેલો. એમાં ભાગલેવા માટે ડૉ.કોઠારી પૂરા ચાર દિવસ માટે આવેલા. એક બેઠકમાં આ વિજ્ઞાનીએ ગાંધીજીને યાદ કરીને અંગદ પ્રસંગ કહ્યો.

વર્ષો પહેલાં ગાંધીજીએ ડૉ.કોઠારીને વિજ્ઞાનના સંશોધનને આધારે નવા ઝાડુની ડિઝાઈન તૈયાર કરવાનું કામ સોંપ્યું. આવી ડિઝાઈન કરવામાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવાના હતાં.

(1) ઝાડુનો ઉપયોગ કરનારની કરોડ કેટલા અંશને ખૂણે વળે ?

(2) ઉચ્ચાલનની દ્રષ્ટિએ ઝાડુ દ્વારા મેળવવાનો યાંત્રિક ફાયદો ( મિકેનિકલ એડવાન્ટેજ) કેટલો ?

(3) ઝાડુનો ઉપયોગ કરનારના શ્વાસમાં ધૂળની રજકણો ઓછામાં ઓછા દાખલ થાય તે માટે કશૂંક થઈ શકે ?

(4) જે ડિઝાઈન તૈયાર થાય તે ગામડામાં ગરીબ માણસને પોસાય તેવી ખરી ?

ડૉ.કોઠારીએ આ વાત કરી ત્યારે સ્વચ્છતા અને ઝાડુ અંગે ગાંધીની વૈજ્ઞાનીક દ્રષ્ટિનો ખ્યાલ આવે છે. સ્વરાજ મેળવવાના મહાન કાર્યમાં સતત પરોવાયેલાં મહાત્માને ઝાડુની વૈજ્ઞાનીક ડિઝાઈન માટે દેશના વિજ્ઞાનીને કામ સોંપવાનો સમય શી રીતે મળ્યો !

**2. ઝાડુ અપશુકનિયાળ ? –**

આપણો દેશ પવિત્રતાનું મહત્વ સમજે છે. પણ સ્વચ્છતાનું મહત્વ નથી સમજતો. અહીં ગંદી હોસ્પિટલો, ગંદી નિશાળો અને ગંદી શેરીઓ છે. ઘરનું દિવાનખાનું રૂપાળું, પણ

જાજરૂ-બાથરૂમ ગંદા ! આવો સમાજ ઝાડુને અપશુકનિયાળ ગણે તેમાં નવાઈ ખરી ? પશ્ચિમનાં સમાજે સ્વચ્છતાને દિવ્યતાની જોડાજોડ બેસાડી. જો સ્વચ્છતા એ જ દિવ્યતા હોય તો **ઝાડુ ને શંખ-ચક્ર-ગદા-પદ્મ** થી ઊતરતું સ્થાન મળે ખરું ? ક્યારેક તો આપણાં ઓપરેશન થિયેટરો અને ઈન્ટેન્સિવ કાર્ડિયાક કેર યુનિટ પણ ગંદકીમુક્ત નથી હોતા. ઉકરડા પર વળી હોસ્પિટલ બંધાય ખરી ? આપણાં શહેરોમાં એ પણ શક્ય છે. જે દેશ ઝાડુની ઉપેક્ષા કરે છે તેણે ગંદકી ને છાતીએ ચાંપવી પડે છે. ગાંધીજીએ ઝાડુની પ્રતિષ્ઠા વધારી. સ્વચ્છતાના સુકાની બન્યા. વિજ્ઞાન ક્ષેત્રમાં પણ " દિવાને આમ અને દિવાને ખાસ " હોય છે. આપણે માટે બંને જરૂરી છે. **દિવાને આમ એટલે લોકોપયોગી એવી એપ્લાઈડ રીસર્ચ, દિવાને ખાસ એટલે ઉચ્ચકક્ષાની ફન્ડામેન્ટલ રીસર્ચ.**

**3. સામાજિક પરીવર્તનનું સાધન – સ્વચ્છતા –**

સ્વચ્છતા એ માત્ર કોઈ ખ્યાલ કે વિચાર નથી પરંતુ એક કાર્ય છે. જેના વગર માનવી પાંગળો કે અપંગ બની જાય છે. જ્યાં સ્વચ્છતા હશે ત્યાં બીજા આવક-જાવક ના સાધનોની નોંધ નહિ રાખવી પડે. માનવના જીવન ટકાવી રાખવાના પ્રશ્નની સામે હંમેશા સ્વચ્છતાનો પ્રશ્ન મુખ્ય રહ્યો છે. સ્વસ્થ મન રહેશે તો સ્વાસ્થ્ય, તન અને ત્યારબાદ દેશ. દેશના અને માનવ ના વિકાસ માટે સ્વચ્છતા મહત્વની છે. તેથી ગાંધીજી પણ સ્વચ્છતાના આગ્રહી હતા. સ્વચ્છતા ઉંમર સાથે સંબંધીત નથી. સ્વચ્છતા વ્યક્તિના બાળપણમાં પણ એટલી જ મહત્વતા ધરાવે છે, જેટલી વૃદ્ધાવસ્થામાં. માનવ શરીરને રોગમુક્ત રાખવા તેમજ પર્યાવરણની જાળવણી રાખવા માટે સ્વચ્છતા જરૂરી છે. સામાન્ય રીતે સમાજના લોકો સ્વચ્છતાને માત્ર હાથ-મોં ધોવા પૂરતી જ સિમિત અર્થ તરીકે ગણે છે. વ્યક્તિગત ક્ષેત્રોની સાથે માનવીના અન્ય ક્ષેત્રોમાં સ્વચ્છતા તેટલી આવશ્યક છે, જેથી તે સામાજિક પરીવર્તનનું સાધન ગણી શકાય.

**દેશમાં** પ્રવર્તતી સમસ્યાઓનો સીધો કે આડકતરો સંબંધ એ સ્વચ્છતા સાથે જોડાયેલ છે. જેમ કે આરોગ્ય, ગરીબી, બાકારી, નિરક્ષરતા વગેરે સમસ્યાઓના મૂળ અસ્વચ્છતામાં રહેલા છે. જીવનની સ્થિતિ ઝૂંપડપટ્ટી, ઓછી આવક કે આવકના સાધનોની અછત, અસ્વચ્છતા, નિમ્ન આરોગ્યસ્તર જેવા પરીબળો દ્વારા જોડાયેલ છે. જેમાં મુખ્ય કારણ ગંદકી જોવા મળે છે. શારીરીક ગંદકી કે રહેઠાણની આસપાસની ગંદકી એ જ ભારતના ગરીબ લોકોની જીવનની સ્થિતિ છે. આ ચિત્રની કલ્પનાથી જ ઉચ્ચવર્ગના લોકો ધ્રુજી જતા હોય છે. જ્યારે ગરીબીના વિષચક્રમાં સપડાયેલા લોકો તેમાંથી બહાર આવી શકતા નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના અહેવાલ દર્શાવે છે કે જે દેશની વસ્તી સ્વચ્છતાના માપદંડોને અનુસરતી હશે ત્યાં વિકાસની દિશા યોગ્ય હશે. લોકો પોતાનો વિકાસ સાધી શકતા હશે. ભારત હોય કે દુનિયામાં કોઈપણ દેશમાં સ્વચ્છતા જાળવણી માટે તે દેશની સરકાર, વ્યક્તિઓ, સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્ય કરતી હોય છે.

**4. સ્વચ્છતા અને શૌચાલય અંગે નવી દ્રષ્ટિ –**

**ગાંધીજી એ** સ્વચ્છતાને પવિત્ર કાર્ય ગણ્યું છે. વર્તમાન સમયમાં જેવી રીતે પ્રત્યેક ઘરમાં મંદિર કે દેવસ્થાન હોય છે તેમ ઘરમાં શૌચાલય હોવું અતિ આવશ્યક માનવામાં આવે છે. આપણે આપણી અનેક ઉપલબ્ધિઓનું

ગૌરવ લઈએ પણ સાથે શૌચાલયની આવશ્યકતા એટલી જ જરૂરી માનવામાં આવે છે. શૌચાલયમાં આપણા શરીરની ગંદકી જાય છે એટલા માટે તે મંદિરથી ઉતરતું નથી. મંદિરમાં આપણે આપણી બુરાઈઓ દૂર કરવાની પ્રાર્થના તો કરીએ છીએ. શૌચાલય તે આપણા શરીરની ગંદકી ગ્રહણ કરે છે તો તે અપવિત્ર કેવી રીતે હોઈ શકે. દેશમાં મંદિરો ઘણાં છે પણ શૌચાલયો ઓછા છે. દરેક ભારતવાસી ત્યારે ગર્વ લઈ શકશે કે જ્યારે દેશમાં દરેક મહિલાના નસીબમાં શૌચાલય હોય. એક વાત સાચી છે કે શૌચાલયનું નિર્માણ કરવું એ સરકારનું કામ છે પણ બધું જ સરકાર પર છોડી દેવાનું ! આપણી કોઈ જવાબદારી નથી. છેવટે આપણે તો આ સમાજના પાયાના એકમો છીએ. માટે એ ભૂલવું ન જોઈએ કે મંદિર બનાવવા આપણા ખિસ્સાંમાંથી પૈસા નીકળે છે તો શૌચાલય માટે પૈસા નીકળવા જોઈએ. તેની પાછળ કદાચ એવા વિચારો હોઈ શકે કે મંદિરમાં પૈસા આપવાથી પુણ્ય મળે, સ્વર્ગ મળે. તેથી આપણું ભવિષ્ય સુધરશે પણ જો સ્ત્રીઓ ખુલ્લામાં શૌચક્રિયા કરશે તો વાસ્તવમાં આપણું ભવિષ્ય સુધરશે ? ગાંધીજીએ હંમેશા મહિલાઓને ઉચ્ચ દરજ્જો આપ્યો છે. આપણને તો શરમ આવવી જોઈએ કારણ કે જ્યાં ગંદકી પથરાયેલી હોય ત્યાંથી પસાર થવાથી નર્કયાત્રાથી પણ ખરાબ અનુભવ થાય. આપણી નવરાત્રી, હોળી, દુર્ગાષ્ટમી, ગણેશ ચતુર્થીના પ્રસંગોમાં ડોનેશન – દાન ઉઘરાવીએ છીએ, પણ કોઈ દિવસ શૌચાલય માટે દાન ઉઘરાવાય છે, કે જેની મંદિર કરતા વધુ જરૂર છે. જે આપણી બુરાઈઓ ગ્રહણ કરે તે આપણી દ્રષ્ટિમાં મહાન છે પણ જે આપણી ગંદકીનો સ્વીકાર કરે તે મહાન નથી ? શૌચાલય સંબંધી આપણી સમજ બદલાઈ રહી છે. તેના વિના જીવન સંભવ નથી.

**5. વર્તમાન સમયમાં શૌચાલય –**

ગાંધીના સમયમાં પાયખાનાં કે જાજરૂ એ વર્તમાન સમયમાં શૌચાલય શબ્દથી ઓળખાય છે. ભારત દેશમાં અનેક સુવિધાઓ અને સગવડતાઓ વધી છે ત્યારે ગરીબો પાસે શૌચાલય નથી. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં ખુલ્લામાં શૌચક્રિયા કરવી એ સ્વાભાવિક ગણાતી નથી. આ વિસ્તારોમાં ગરીબી વધુ જોવા મળે છે તેથી શૌચાલયનું બાંધકામ અને તેની સાફ – સફાઈ અને ગંદકીના નિકાલ માટે ખર્ચ પોસાય તેમ નથી. આમ છતાં સરકાર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે સુલભ સંસ્થા કે જેના બહોળા પ્રચાર અને પ્રસારથી શૌચાલયની ઉપયોગિતા અને મહત્વ સમજાયું છે. લોકોને ખર્ચ માટે સરકાર અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા સહાય અને માર્ગદર્શન મળી રહ્યું છે. સંચાર માધ્યમો પણ શૌચાલયનો આગ્રહ શા માટે ? તેનો પ્રચાર કરી સાચા અર્થમાં દેશ સેવા અને લોકસેવા કરી રહ્યાં છે. આથી ગ્રામ સમુદાયોમાં શૌચાલયો બનવા માંડ્યા છે. શહેરોમાં લોકોએ પોતાના મકાનોમાં જ આધુનિક ફ્લશ પદ્ધતિવાળા શૌચાલયો બનાવ્યા છે. તેમજ શહેરી અને ગ્રામીણ લોકો જાહેર શૌચાલયો કે જે **“ પે એન્ડ યુઝ ”** હોય છે તેનો ઉપયોગ કરતા થયા છે.

**6. લોકોની વિચારસરણીમાં બદલાવ અને સ્વચ્છતા –**

ગાંધીજી પણ સ્વચ્છતા અંગે લોકોમાં સમજ પ્રાપ્ત થાય તેમ ઈચ્છતા હતા. સામાન્ય રીતે લોકો પોતાની રૂઢિગત વિચારસરણીને વળગી રહે છે. કારણ કે તેમાં સલામતી અને સુરક્ષા રહેલી હોય છે. પરંતુ સ્વચ્છતા અને

શૌચાલયથી રૂઢિગત અને પરંપરાગત વિચારસરણીમાં અને વર્તનપ્રણાલીમાં આમૂલ પરિવર્તનો લાવી દીધા છે. લોકો પોતાના મકાનમાં સ્વચ્છતા અને શૌચાલયનો આગ્રહ રાખતા થયા છે. જાહેર શૌચાલયોનો ઉપયોગ કરતા થયા છે. ગ્રામ સમુદાયોમાં પાણીની તકલીફના કારણે ખુલ્લામાં શૌચક્રિયા કરવા જતાં સંકોચ થતો ન હતો, પરંતુ હવે આ વિચારસરણીમાં બદલાવ આવ્યો છે. કારણ કે લોકો સ્વચ્છતા – શૌચાલય તરફ વૈજ્ઞાનિક વલણ દાખવતા થયા છે. શૌચાલય ખર્ચાળ છે પણ લોકો તે ખર્ચ કરવા તૈયારી દર્શાવે છે. પોતાનાં ઘરે શૌચાલય ન હોવું એ શરમ અને પ્રતિષ્ઠાનો વિષય માનવામાં આવે છે. આમ, સ્વચ્છતા – શૌચાલય અંગે લોકોની વિચારસરણીમાં બદલાવ આવ્યો છે.

**7. સ્વચ્છતા અને આરોગ્ય –**

ગાંધીજી એ કહ્યું છે કે જ્યાં શરીરની ચોખ્ખાઈ, ઘરની સફાઈ અને ગામની સ્વચ્તા હોય, યુક્તાહાર અને ઘટતી કસરત હોય, ત્યાં ઓછામાં ઓછા રોગ થાય છે અને ઉપર જણાવેલ સફાઈ સાથે દિલની સફાઈ હોય, તો રોગ અસંભવિત બની જાય એમ કહી શકાય. દિલની સફાઈ રામનામ વગર ન થાય, આટલી વાત ગામડાના લોકો સમજી જાય, તો વૈદ્ય, હકીમ કે દાક્તરની જરૂર રહેતી નથી. વર્તમાન ભારતમાં શૌચાલયના કારણે લોકોના આરોગ્ય વિષયક પ્રશ્નો હળવા થઈ ગયા. લોકોએ પોતાના જીવનમાં સ્વચ્છતા અને શૌચાલયને જીવનનો એક ભાગ બનાવી દીધો. ખુલ્લામાં શૌચક્રિયા માટે જવાને બદલે સ્વચ્છ શૌચાલયનો ઉપયોગ કરવો. સ્વચ્છ અને સુઘડ રહેવું. ખાનપાનની આદતો બદલાઈ, સ્વચ્છતાની ટેવો લોકોએ અપનાવી લીધી છે. લોકો આરોગ્યના પ્રશ્નોને હવે ગંભીરતાથી લેતા થયા છે. લોકો સ્વચ્છતા અને શૌચાલય સંદર્ભે કોઈ બાંધછોડ કરવા માંગતા નથી. આવી લોકજાગૃતીથી લોકોનું આરોગ્યનું સ્તર ઊંચું આવ્યું છે. રોગચાળો, માંદગી જેવા પ્રશ્નો હવે હળવા થયા છે. આ બધા પરિવર્તનો પાછળ શૌચાલયનાં ઉપયોગ અને સ્વચ્છતાનો સ્વીકાર રહેલો છે.

**8. સ્વચ્છતા અને ગ્રામીણ સમુદાય –**

ગાંધીજી કહે છે કે ગામડાંઓને બધી રીતે ચોખ્ખાઈના નમૂના બનાવવા જોઈએ. વર્તમાન ભારતમાં પરંપરાગત ગ્રામીણ સમાજોમાં લોકો રૂઢિચુસ્તતા, માન્યતાઓ, વહેમ, શંકા, જ્ઞાતિભેદ, અસ્પૃશ્યતા જેવા ખ્યાલો પ્રવર્તતા હોય છે. શૌચાલય અને સ્વચ્છતા સંબંધી કાર્ય તથા સફાઈ કર્મીઓને અનેક રીતે ભેદભાવ, શોષણ અને સ્વચ્છતા સંબંધી સમસ્યાઓનો ભોગ બનવું પડતું હતું. તેઓને મંદિર પ્રવેશ, કૂવા તળાવનાં પાણીના વપરાશની મનાઈ હતી. અલગ ગામ બહાર વસવાટ, અલગ સ્મશાન, શાળા પ્રવેશ વગેરે જેવી બાબતો પ્રત્યે ભેદભાવ રખાતો હતો. પ્રભાવી જ્ઞાતિઓનું જ જોહુકમીપણું હતું. આ બધી જ બાબતો માંથી શૌચાલય – સ્વચ્છતા સંબંધી નિયમો અને કાયદાઓથી સફાઈ કર્મીઓને સ્વતંત્રતા મળી છે. સ્વચ્છતા અને શૌચાલયે પરોક્ષ રીતે ગ્રામીણ સમુદાયનું સ્વરૂપ અને લોકોના સંબંધો અને વ્યવહારમાં પરિવર્તન લાવી દીધું છે.

**9. સ્વચ્છતા અને વ્યાવસાયિક સ્તરરચનામાં આવેલ બદલાવ –**

ગાંધીજી કહે છે કે નાતજાતને વિષે મેં ઘણીવાર કહ્યું છે કે આજના અર્થમાં નાતજાતને

હું માનતો નથી. વર્તમાન ભારતના બંધારણમાં સૌને સમાન અધિકારો આપવામાં આવ્યા છે. જેમાં વ્યવસાય પસંદગીની સ્વતંત્રતાનો અધિકાર પણ સૌને સમાનતાના ધોરણે પ્રાપ્ત થાય છે. પરંપરાગત શૂદ્ર – પછાત ગણાતી જ્ઞાતિઓને શૌચાલય અને સ્વચ્છતાના કાર્યો જ કરવા પડતા હતા. સમાજે આવી જ્ઞાતિગત વ્યવસાયો કરનારાઓની એક સ્તરરચના ઊભી કરી હતી જે આડી સ્તરરચના હતી. જેમાં ક્યારેય બદલાવ આવી શક્તો નહીં. પરંતુ સ્વચ્છતાના કાર્યો કરનારા, માથે મેલું ઉપાડનારાઓનું પુનર્વસન થતાં, આધુનિક શૌચાલયનો આવિષ્કાર થતાં અન્ય વ્યવસયોમાં જવાની તકો અને લભો મળવા લાગ્યા. દરેક જ્ઞાતિના વ્યવસાયો પર તેઓની ઈજારાશાહી હતી. જ્ઞાતિઓમાં ગતિશીલતાના અવરોધો હતા. તેમાં શૌચાલયની વિચારસરણીથી પરિવર્તનો આવ્યા. ખાસ કરીને પછાત- નિમ્ન જ્ઞાતિઓના લોકોના નિમ્ન વ્યવસાયથી તેઓનું જ્ઞાતિગત સ્થાન કે સ્તર નીચું ગણાતું હતું. તેમાં વિશેષ સામાજિક બદલાવ આવ્યો છે.

**10. સ્વચ્છતા અને લગ્નનો ખ્યાલ –**

વર્તમાન સમયમાં ગ્રામીણ સમાજમાં સ્વચ્છતા અને શૌચાલયનો ગંભીર પ્રશ્ન જોવા મળે છે. પરંતું શિક્ષણ અને લોકજાગૃતિ જેવા અન્ય પરિબળોથી લોકોમાં બદલાવ જોવા મળે છે. લોકો હવે એવું પણ માનવા લાગ્યા છે કે પોતાની દીકરીને એવા ઘરે લગ્ન કરવા કે જેના ઘરે પોતાનું શૌચાલય હોય. ઘરે પૂરતી સ્વચ્છતા હોય. આમ, જીવનસાથીની પસંદગીના માપદંડોમાં પરિવર્તનો આવ્યા. ગ્રામ સમાજમાં જે ઘરે શૌચાલયો, બાથરૂમ હોય તે ઘર પ્રતિષ્ઠાવાળું ગણવામાં આવે છે તેમજ તે ઘરના સભ્યો જાહેરમાં, ખુલ્લામાં શૌચક્રિયા કરવા જતાં હોય તેઓના સંતાનોના લગ્નમાં મુશ્કેલીઓ પડવા લાગી અથવા પુત્રવધૂઓ પોતાના મા-બાપના ઘરે પાછી જતી રહે છે. આવા કારણોસર લોકો પોતાના ઘરે શૌચાલય બનાવવા લાગ્યા અને તેનું મહત્વ સમજવા લાગ્યા. ગાંધીજીની દ્રષ્ટીએ પણ મહિલાઓએ માન – સન્માન આપવું જોઈએ.

**11. સ્વચ્છતા અને સ્વચ્છતાનો ખ્યાલ –**

વર્તમાન ભારતમાં શૌચાલયો વધ્યા, લોકોએ તેનો ઉપયોગ પણ શરૂ કર્યો તો તેની સાથે સ્વચ્છતાની અનેક આદતો, સુટેવો દ્વારા સ્વચ્છતાનો ખ્યાલ વિકસ્યો. જેમ કે મકાનમાં બાંધકામ સાથે જ શૌચાલયને એવી જગ્યાએ સ્થાન અપાયું કે તેની મુશ્કેલી ન રહે. ત્યારબાદ શૌચાલયમાં સ્વચ્છતા માટે લાઈટ, હવા, ઉજાસ, પાણીનું પ્રમાણ, ફ્લશ, પેપર નેપકીન, બ્રશ સફાઈના પ્રવાહી દ્રવ્યો, સાવરણા, વોશીંગ પાઉડર વગેરે જેવા સાધનોની જરૂર પડી તેમ જ તેનો ઉપયોગ કરવાનું મહત્વ પણ વધ્યું. લોકો શૌચાલયનો ઉપયોગ કરી સ્વયં સ્વચ્છ બનવું, સાબુથી હાથ બરોબર ધોવા, શૌચાલયના સાધનોની સફાઈ બરાબર થાય તેની તકેદારી રાખતા થયા છે. તેમજ લોકોમાં **દેવાલય જેવું શૌચાલય** એવી માન્યતા રૂઢ થતી જાય છે. જાહેર શૌચાલય કે રેસ્ટરૂમમાં પણ સ્વચ્છતા માટેની પૂરતી તકેદારી હવે સામાન્ય બાબત બનતી જાય છે. શૌચક્રિયા એ એક અંગત બાબત કે વ્યક્તિગત બાબત ગણાય છે. તેમજ આ ક્રિયા માટે વ્યક્તિએ સ્વયં રીતે શૌચાલયનો ઉપયોગ કરવાનો આગ્રહ રાખે છે. માટે તેને આ ક્રિયા માટે શરમ અને સંકોચ

રહેતો નથી. સ્ત્રીઓ શરમ, સંકોચ અને હીનતા અનુભવતી હોય છે. તેથી શૌચાલય-સ્વચ્છતાના ખ્યાલોમાં આવેલ બદલાવ ખૂબ જરૂરી બન્યો છે.

**12. સ્વચ્છ ભારત અભિયાન –**

**ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી** એ ગાંધી જયંતિ બીજી ઓક્ટોબર, 2014ના દિવસે **સ્વચ્છ ભારત અભિયાન** નો શુભારંભ કરાવેલ. જેને **ગાંધીનો 150મી પુણ્યતિથિ, 2 ઓક્ટોબર 2019** સુધી પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ અભિયાનને સફળ બનાવવા માટે ભારત સરકારે 125 કરોડની જનતાને નિવેદન કર્યું છે કે સૌ પોતાની આસપાસ અને બીજી જગ્યાઓ પર વર્ષમાં માત્ર 100 કલાક સફાઈ માટે આપીએ શ્રમદાન કરવાની શપથ લઈને અને સપ્તાહમાં ઓછામાં ઓછા 2 કલાક સફાઈ માટે આપીએ. આનો અમલ કરવા માટે ઘણી નીતિઓ અને પ્રક્રિયા છે. જેમાં ત્રણ પગલાં છે. યોજનાનું પગલું, અમલીકરણનું પગલું અને નિરંતરતાનું પગલું. નિર્મળતા અને સ્વચ્છતા એ તંદુરસ્ત અને શાંતિપૂર્ણ જીવનનો અનિવાર્ય ભાગ છે. એટલે જ્યારે સફાઈ – સપ્તાહ ઉજવીશું તે ટોકન ચિન્હ માત્ર છે. સ્વચ્છતા તો એક પાયાની ચીજ છે. એમાં કેળવણીનો સવાલ છે. કેળવણી કરીને લોકોમાં સ્વચ્છતાનો સંસ્કાર સ્થાયી કરવનો છે. ગાંધીજી સ્વચ્છતાના આગ્રહી હતા તેમ વર્તમાન ભારતનો પ્રત્યેક નાગરિક સ્વચ્છતાનો આગ્રહી બને તે આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. સ્વચ્છ ભારત અભિયાનને એક જન આંદોલનમાં રૂપાંતર કરવું રહ્યું. " **એક કદમ સ્વચ્છતાકી ઓર**" બાપુની 150 મી જન્મજયંતી પર તેમના માટે સર્વશ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ હશે.

**4.સારાંશ -**

" મારૂ જીવન એજ મારો સંદેશ " – ગાંધીજી કહે છે. જેમા કર્તવ્યભાવ સ્પષ્ટ થાય છે. ગાંધીની જેમ વર્તમાન ભારતનો પ્રત્યેક નાગરીક સાચુ કર્તવ્ય કરે એટલે કે નૈતિકતાથી પોતાનું કાર્ય કરે તો ભારતમાં કોઈ સમસ્યા રહે નહીં. સરકાર પર નહીં સ્વ પર નીર્ભર રહીએ. સ્વચ્છતાની શરૂઆત સ્વ થી થાય છે. સ્વચ્છતા એક એવો વિશાળ ખ્યાલ છે કે જેમાં અનેક બાબતો સમાવી શકાય. ગાંધીજીએ આપણા જીવનની જાજરૂથી માંડીને આત્મા સુધી સર્વત્ર સફાઈ કરવાનો પ્રયત્ન કર્યો હતો. એમની ક્રાંતિ આપણાં મૂળભૂત મૂલ્યોની પુનર્વિચારણા ઉપર આધારિત હતી. એટલે વ્યાપક ક્રાંતિ હતી. તેઓ રાષ્ટ્રને કેળવવા અને શિસ્તબદ્ધ કરવા ઈચ્છતા હતા. સ્વચ્છ ભારતની સિદ્ધિ માટે જનતાને સર્વ રીતે શિક્ષિત કરવી પડશે. સદીઓ પુરાણી લોકોની ગંદી ટેવો છોડાવવી પડશે. વર્તમાન ભારતમાં બાપુએ દર્શાવેલા માર્ગ પર ચાલીને **સ્વચ્છ ભારત, સુંદર ભારત** બનાવવા આગ્રહી બનીએ. બાપુ તો સ્વચ્છતાના સુકાની તરીકે માર્ગદર્શન આપે છે કે ભારતને સ્વચ્છ અને હરીયાળું બનાવો. ભારતના પ્રત્યેક નાગરિક પોતાની ફરજ સમજીને શપથ લે કે " **ના હું ગંદકી કરીશ, ના બીજાને ગંદકી કરવા દઈશ.**" પોતાની સાથે 100 લોકોને સાફ સફાઈ-સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરીશ અને સફાઈની શપથ અપાવીશ. " **સ્વચ્છતા જ સેવા** " પખવાડીયું મનાવીશું અને દુનિયાભરમાં **ભારતને એક આદર્શ દેશ** બનાવવામાં સફળ રહીશું.

**સંદર્ભસૂચિ –**

1. કાકા કાલેલકર (1968) આશ્રમની બહેનો, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર..

2. જાની ગૌરાંગ (2013) આયનામાં સમાજ, રાજકોટ: ફૂલછાબ પ્રકાશન.
3. જોષી વિદ્યુત (2016) પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર, અમદાવાદ: યુનિ.ગ્રંથ.બોર્ડ, ગુજરાત રાજ્ય.
4. ગાંધી મોહનદાસ (2012) મારા સ્વપ્નનું ભારત, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
5. ગાંધી મોહનદાસ (2012) ગ્રામ સ્વરાજ, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
6. ગાંધી મોહનદાસ(2014) સત્યનાપ્રયોગો અથવા આત્મકથા, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
7. ગાંધી મોહનદાસ (1940) ગાંધી વિચાર દોહન, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
8. ગાંધી મોહનદાસ (2009) રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
9. દેસાઈ નારાયણ (2008) મારા ગાંધી, સુરત: સાહિત્ય સંગમ.
10. પટેલ મગનભાઇ (2013) ગાંધીજીનું ધર્મદર્શન, અમદાવાદ: યુનિ.ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
11. પંચાલ હસમુખ (2019) મહાત્મા ગાંધીજીનું સમાજદર્શન, અમદાવાદ: અનડા બુક ડીપો.
12. મોદી રમણ (1977) રચનાત્મક કાર્યક્રમનું સામાજિક દર્શન, અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
13. વાઘેલા અનિલ (2015) સ્વચ્છતાના સમાજશાસ્ત્રનું સ્વરૂપ, દિલ્હી: કલ્યાણ પબ્લિકેશન્સ.
14. શાહ ગુણવંત (2007) ગાંધીના ચશ્મા, અમદાવાદ: આર.આર.શેઠની કંપની.
15. શાહ દશરથલાલ (1988) રચનાત્મક કાર્યક્રમ-આજના સંદર્ભમાં, અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.